# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-09-2024** **Evening : 7.10 to 7.20**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

- અમદાવાદ- મહેસાણા- પાલનપુર રોડના હાઈસ્પીડ કોરીડોરના વિકાસ માટે રાજ્ય સરકારે ૨૬૩ કરોડ રૂપિયા ફાળવ્યા.
- ઉપરાષ્ટ્રપતિએ સિલ્વાસામાં વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધ્યો..આવતીકાલે દિવમાં પ્રધાનમંત્રી આવાસ શહેરી અંતર્ગત નવા મકાનોનું લોકાર્પણ કરશે..
- કિમ રેલવે ટ્રેક પર દુર્ઘટના સર્જવાના નિષ્ફળ પ્રયાસની તપાસમાં NIA અને ATS પણ જોડાયા..
- ગુજરાતના 32 તીર્થસ્થોનાના પ્રસાદમાં પ્રાણીજન્ય ચરબી જોવા મળી નથી, તેવું રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા જાહેર કરવામાં આવ્યું.
- આંતરરાષ્ટ્રીય દરિયાકિનારા સફાઇ દિવસ નિમિત્તે રાજ્યના વિવિધ બીચની સફાઇ કરાઇ..

--------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM-HIGH SPEED CORIDOR

અમદાવાદ-મહેસાણા-પાલનપૂર રોડનો હાઈસ્પીડ કોરીડોર અંતર્ગત વિકાસ થશે.. આ કોરિડોરના વિકાસ માટે રાજ્ય સરકારે ૨૬૩ કરોડ રૂપિયા ફ્લાય ઓવર અને વ્હેક્યુલર અન્ડરપાસ માટે ફાળવ્યા છે.. આ ઉપરાંત રાધનપૂર ચોકડી પર નવો ૬-માર્ગીય ફ્લાય ઓવર બ્રિજ અને નાગલપૂર ચોકડી તથા ઉનાવા ખાતે નવા ૬ માર્ગીય વ્હેક્યુલર અન્ડરપાસનું નિર્માણ કરવાનો પણ રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે...

રાજ્યમાં ભારે ટ્રાફિક ધરાવતા હાઈવેને અંદાજે ૩ હજાર ૧૦૦ કરોડ રૂપિયાના ખર્ચે હાઈસ્પીડ કોરીડોર તરીકે વિકસાવવા માટેની કામગીરી થશે. જેમાં વટામણ- પીપળી, સુરત- સચિન-નવસારી, અમદાવાદ- ડાકોર, ભૂજ-ભચાઉ, રાજકોટ- ભાવનગર અને મહેસાણા-પાલનપૂર સહિત ૬ હાઈસ્પીડ કોરીડોરનો સમાવેશ થાય છે..

આ નિર્ણયને પરિણામે ઉત્તર ગુજરાત વિસ્તારના લોકોને અમદાવાદ સાથેની વધુ સરળ, સલામત અને ઝડપી રોડ કનેક્ટીવીટી મળશે.

# VP– DAMAN VISIT

ઉપરાષ્ટ્રપતિએ આજે સિલવાસામાં નમો મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ઇન્સ્ટીટ્યુટ ખાતે ધવંન્તરીની પર્તિમાને પુષ્પાંજલી અર્પી હતી.. આ ઉપરાંત તેમણે સંસ્થાના વિવિધ વિભાગોની મુલાકાત લીધી હતી..તેમણે અહીં ઉપસ્થિતિ વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓ સાથે સંવાદ પણ સાધ્યો હતો..એક પેડ માં કે નામ અભિયાન અંતર્ગત ઉપરાષ્ટ્રપતિ અને તેમના પત્નીએ વૃક્ષારોપણ પણ કર્યું હતું..

તેમણે ડોકમરડી ઓડિટોરિયમમાં પશ્ચિમ ક્ષેત્રના સાંસ્કૃતિક કેન્દ્ર દ્વારા આયોજિત એક જાહેર સમારંભમાં પણ ભાગ લીધો હતો.. આજે બપોર બાદ તેઓ દિવ પહોંચ્યા હતા જ્યાં તેમનુ સ્વાગત કરાયું હતું... તેમણે પંચાયત, નગરપંચાયત સહિતા ચૂંટાયેલા પ્રતિનિધિઓ સાથે બેઠક યોજી હતી..તેમણે ખુખરી જહાજ અ દિવ કિલ્લાની મુલાકાત કરી હતી..

આવતીકાલે તેઓ દિવમાં પ્રધાનમંત્રી આવાસ શહેરી અંતર્ગત નવા મકાનોનું લોકાર્પણ કરશે.

# SURAT TRAIN INCIDENT

સુરત પાસેના કિમ રેલવે ટ્રકના ફિશ પ્લેટ છૂટી કરી 71 પેડલોક પણ કાઢી નાખીને દુર્ઘટના સર્જવાના નિષ્ફળ પ્રયાસની તપાસમાં હવે રાષ્ટ્રીય તપાસ એજન્સી, એનઆઇએ અને ત્રાસવાદ વિરોધી દળ એટીએસ પણ જોડાયું છે.. જો કે, ઉત્તરપ્રદેશની માફક ગુજરાતમાં પણ ટ્રેનને પાટા પરથી ઉતારી દેવાના પ્રયાસને પાયલોટની સતર્કતાએ  નિષ્ફળ બનાવ્યો હતો. જેથી મોટી દુર્ઘટના સર્જાતા ટળી ગઇ છે..

અમારા સુરતના પ્રતિનિધિ લોપા દરબારના જણાવ્યા અનુસાર વડોદરા રેલવે ડિવિઝનમાં બનેલી આ ઘટનાની જાણ થતા જ રેલવે અધિકારીઓ ઘટના સ્થળે ધસી ગયા હતા.. તકેદારીના ભાગરૂપે રેલવ્યવહારને તાત્કાલિક બંધ કરી દેવાયો  હતો અને નવી ફિશ પ્લેટ લગાવીને રેલસેવા ફરી શરૂ કરી હતી. રેલવે વિભાગની ટીમે હાલ આ કૃત્ય આચરનારા અજાણ્યા શખ્સ સુધી પહોંચવા માટે ડોગ-સ્ક્વોડની મદદ લીધી છે.

# RAJKOT- PM 100 DAYS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ત્રીજા કાર્યકાળને સો દિવસ પૂર્ણ થયા છે. આ સો દિવસ દરમિયાન અનેક પ્રજાલક્ષી કાર્યો કરવામાં આવ્યાં છે.. સરકાર દ્વારા કરવામાં આવેલી કામગીરીનો લાભ સામાન્ય નાગરિકો સુધી પહોંચી રહ્યો છે.

રાજકોટના શૈલૈન્દ્રસિંહ જાડેજાએ સાત લાખ રૂપિયા સુધીની આવકને આવક વેરામાંથી મુક્તિ આપવાના સરકારના નિર્ણયને આવકારી તેનાથી મધ્યમવર્ગના લોકોને ફાયદો થયો છે તેમ જણાવ્યું.

**(બાઇટ- શૈલેન્દ્રસિંહ જાડેજા)**

# MANDIR PRASAD- FOOD AND DRUGS

રાજ્યના પ્રસિધ્ધ તીર્થસ્થાનો એવા અંબાજી, દ્વારકા, સોમનાથ સહિતના સ્થળો પર પ્રસાદની ગુણવત્તાની ચકાસણી કરવામાં આવી છે. પ્રસાદ વહેંચણી કરતાં આવા ૩૨ જેટલા સ્થળો પર રાજ્યના ખોરાક અને ઓષધ નિયમન તંત્ર દ્વારા તપાસ કરવામાં આવી છે જેમાં પ્રસાદમાં પ્રાણિજન્ય ચરબી જોવા મળી નથી, તેમ ખોરાક અને ઔષધ નિયમન વિભાગના કમિશ્નર ડો. હેમંત કોશિયાએ જણાવ્યું હતું..

# GUJ. SWACHHTA ABHIYAN

રાજ્યમાં સ્વચ્છતા હી સેવા અભિયાન હેઠળ અત્યાર સુધીમાં 25 લાખથી વધુ લોકોએ જોડાઇને કુલ 27 લાખથી વધુના કલાકનું શ્રમદાન કર્યું.. ગ્રામ વિકાસ મંત્રી રાઘવજી પટેલે ગાંધીનગરના છત્રાલ ગામ ખાતે શ્રમદાન કરીને આ અભિયાનને વેગ આપતાં જણાવ્યું કે, રાજ્યમાં ‘સ્વચ્છતા હી સેવા’ અભિયાન માત્ર ચાર જ દિવસમાં જન આંદોલનમાં પરિવર્તિત થયું છે.

મંત્રીશ્રીએ જણાવ્યું કે, રાજ્યભરમાંથી ૧ લાખ કિલોગ્રામ જેટલો કચરો અને ૬૦ હજાર કિલોગ્રામથી વધુ સિંગલ-યુઝ પ્લાસ્ટિકનો યોગ્ય નિકાલ કરાયો

છે. આગામી બીજી ઓક્ટોબરે સ્વચ્છતાલક્ષી શ્રેષ્ઠ કામગીરી કરનાર જિલ્લા, તાલુકા અને ગામોને ૧૦ લાખથી ૧ કરોડ રૂપિયા સુધીના રોકડ પુરસ્કારો અપાશે..

અત્રે ઉલ્લેખનીય છે કે, આગામી ૩૧ મી ઓક્ટોબર સુધી રાજ્યભરમાં યોજાનાર આ અભિયાન અંતર્ગત દૈનિક તેમજ અઠવાડિક પ્રવૃત્તિઓના આયોજન દ્વારા રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન, માર્ગો, ઐતિહાસિક, ધાર્મિક અને પ્રવાસન સ્થળો, જળ સંસ્થાનો, પ્રતિમાઓ, માર્કેટ જેવા જાહેર સ્થળો ઉપરાંત સરકારી કચેરીઓ અને સંસ્થાઓની પણ સાફ-સફાઈ હાથ ધરવામાં આવી રહી છે.

# SWACHHTA HI SEVA

“સ્વચ્છતા હી સેવા-2024” પખવાડિયાની ઉજવણીના ભાગરૂપે રાજ્યની 8 મહાનગરપાલિકા અને 157 નગરપાલિકાઓમાં સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવી. જે અંતર્ગત, જાહેર વાહનવ્યવહાર અને હાઈ-વે ઉપર કરાયેલી સફાઈ દરમિયાન 62 હજારથી વધુ નાગરિકોએ શ્રમદાન દ્વારા 302 ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો.. ઉપરાંત, રાજ્યમાં કુલ 100થી વધુ સ્વચ્છતા અંગેના શેરી નાટકોનું આયોજન કરવામાં આવ્યું.

વડોદરા, મહેસાણા તેમજ કચ્છ જિલ્લાની વિવિધ શાળાઓમાં પણ ચિત્ર અને નિબંધ સ્પર્ધા દ્વારા બાળકોને સ્વચ્છતાનો સંદેશ પાઠવવામાં આવ્યો..

મોરબી જિલ્લામાં ભૂતકોટડા ગામે સામુહિક સફાઈ તેમજ સ્વચ્છતા અંગેના સૂત્રો સાથે રેલી કાઢવામાં આવી હતી.

જ્યારે ડાંગ જીલ્લાના આહવા ખાતે સરકારી વિનયન અને વાણિજય કોલેજમાં ગાંધીજીની સ્વચ્છતા અંગેની વિચારસરણીનો વ્યાખ્યાન કાર્યક્રમ યોજાયો, જેમાં 700થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો..

સુરેન્દ્રનગર જિલ્લાના સુદામડા ગામે જાહેર સ્થળોની સફાઈ, “સ્વચ્છતા રેલી”, હેલ્થ ચેકઅપના કાર્યક્રમો યોજાયા..

સાબરકાંઠા જિલ્લાના મટોડા ગામે ધાર્મિક સ્થળો તેમજ ગામની સફાઇ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. તેમજ વૃક્ષારોપણ કરાયું..

તો ભાવનગર જીલ્લામાં માહિતી ખાતાના અધિકારી, કર્મચારીઓએ પણ શ્રમદાન  દ્વારા સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી કરી.

# IN.NATIONAL COSTAL CLEANUP DAY

આંતરરાષ્ટ્રીય દરિયાકિનારા સફાઈ દિવસની ઉજવણીના ભાગરૂપે આજે સૌથી વધુ દરિયાઇ વિસ્તાર ધરાવતા રાજ્યભરના વિવિધ દરિયાઇ કાંઠાઓને સાફ કરવાની ઝુંબેશ હાથ ધરાઇ..

સોમનાથના મારુતિ બીચ ખાતે હાથ ધરાયેલા સ્વચ્છતા અભિયાનમાં ટ્રસ્ટના કર્મચારીઓ, NSS ના વિદ્યાર્થીઓ વગેરેએ સાથે મળીને દરિયાકિનારેથી 350 કિલોથી વધુના કચરાની સફાઇ કરી. તો બીજી તરફ, વેરાવળ ચોપાટી ખાતે દરિયાઇ કિનારાની સફાઇનો કાર્યક્રમ યોજાયો જેમાં 400થી વધુ લોકો જોડાયા..

દીવના વણાકબારા ગોમતી માતા બીચ ખાતે બીચ પર પડેલા પ્લાસ્ટિક કચરાનો નિકાલ કરીને બીચને સ્વચ્છ કરાયો..

નવસારીના દાંડીના દરિયાકિનારે સામાજીક વનીકરણ વિભાગની સૂપા રેન્જ દ્વારા સામુહિક સફાઇ કરવામાં આવી.

ઉલ્લેખનીય છે કે, દરિયાઇ જીવ સૃષ્ટિને પ્લાસ્ટીક કચરાને થતા નુકશાનને અટકાવવા માટે અને દરિયાઈ કિનારાને પ્લાસ્ટિક પ્રદૂષણથી મુક્ત કરવાના આશય સાથે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

# POSHAN MAAS

રાજ્યભરમાં થઇ રહેલી પોષણ માસની ઉજવણી અંતર્ગત રાજકોટમાં મહિલા અને બાળવિકાસ મંત્રી ભાનુબેન બાબરીયાના અધ્યક્ષસ્થાને પોષણમાહ 'કાર્યશાળા' યોજાઇ. આ પ્રસંગે તેમણે બાળકોને યોગ્ય પોષણયુક્ત ખોરાક મળી રહે તેમ જ શિક્ષણ અને તેઓના આરોગ્ય માટે વિવિધ કાર્યક્રમો કરવા પર ભાર મૂક્યો હતો.. બાળકોને પરંપરાગત રમતો રમાડવા માટે પણ તેમણે સૌને અપીલ કરી હતી..

સાબરકાંઠા જિલ્લામાં સાંસદ રમીલાબેન બારાની ઉપસ્થિતિમાં પોષણ માસની ઉજવણી કરવામાં આવી.. જેમાં કિશોરી હેલ્થ ચેક અપ, વાનગી પ્રદર્શન,વાનગી હરીફાઈ, સ્વસ્થ કિશોરી સ્પર્ધા, સ્વસ્થ બાળક સ્પર્ધા યોજાઇ..

# DAHOD KABADDI COMPITION

પંચાયત અને કૃષિ મંત્રી બચુભાઈ ખાબડની ઉપસ્થિતિમાં દાહોદના પીપેરો ખાતે જિલ્લાકક્ષાની કબડ્ડી સ્પર્ધા યોજાઈ.. પરંપરાગત રમતોને પ્રોત્સાહન મળે તથા ગ્રામીણ પ્રજામાં રહેલી સુષુપ્ત શકિતઓને જાગૃત કરી તેને યોગ્ય દિશામાં વાળી શકાય તેવા આશય સાથે ૬ ૮મી અખિલ ભારતીય શાળાકીય રમતોનું આયોજન કરાયું હતું.. જેમાં અલગ અલગ વયજૂથના ૩૨૪ ખેલાડીઓએ ભાગ લીધો.

# RAIN

રાજ્યમાં આજે દિવસ દરમિયાન દક્ષિણ ગુજરાતના કેટલાંક વિસ્તારોમાં અચાનક વાતાવરણમાં પલટો આવતા તાપીના વ્યારા શહેરમાં વરસાદ વરસ્યો

હતો. આ ઉપરાંત જિલ્લાના કેટલાક વિસ્તારમાં વરસાદી ઝાપટાં પડ્યા હોવાના અહેવાલ છે. નર્મદાના સ્ટેચ્યુ ઓફ યુનિટિ ખાતે પણ વરસાદ વરસ્યાના અહેવાલ મળેલ છે.

અમરેલીના ધારી શહેરમાં પણ બપોર બાદ ધોધમાર વરસાદ વરસ્યો હતો.. તો ગ્રામ્ય વિસ્તારોમાં પણ કેટલાંક સ્થળોએ વરસાદી ઝાપટાં પડયાં હતા..

હવામાન વિભાગ દ્વારા આગામી 26થી 28 સપ્ટેમ્બર દરનિયાન મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની શક્યતા દર્શાવતું યલો એલર્ટ જાહેર કર્યું છે..